


## સલામી સવારની..

પક્ષ-પલ્ટુઓ, પશુને પંખીમાં પરાયા થાય છે,
વડવાગોડ પૈ લટકે ઉટકે ઉંધા, ગરજૂ થાય છે,
આવી ભરાયા ને ઓરમાયા થઈ રહેવું પડે -
સત્તા માટે પીઢ નેતાઓ હરાયા થાય છે!

હાઈકુ

ગાંડી નદીઓ -
હિંદ-અમેરિકાની,
ટ્રંપ-સંગમ...!

તણાઈ જશે!
ચૂંટણી સુનામીમાં -
સાચા-ખોટા સૌ...

## ચિંતન

**સતાં મતં નાતિ કામેત ।**

ઉપરોક્ત શ્લોક ચાણકયસૂત્રમાંથી લેવામાં આવેલ છે. સજ્જનોના સિદ્ધાંતનું કયારેય અતિક્રમણના કરવું જોઈએ.

સજ્જનોનું જીવન અનુભવની ખાણ સમાન હોય છે. આથી એ લોકો જે નિયમો ઘડે છે, જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે, એની પાછળ જનસામાન્યનું હિત છુપાયેલું હોય છે. આથી, સમાજ એ નિયમોનું એ સિદ્ધાંતોને સ્વીકારે છે, આથી એ નિયમોનું સૌએ અનુકરણ કરવં જોઈએ. અને એનો અનાદર કે ઉલ્લંઘ ના કરવું જોઈએ.

જ્ઞાની-સમજુ-અનુભવી લોકો પોતાના વાચન-સત્સંગ અને અનુભવોથી સત્યની સદાય નજીક રહેતો હોય છે તેમના નિર્ણય અને આચરણ પણ યોગ્ય અને સત્ય સાથે સૂર પૂરાવાનારાં હોય છે. આથી તેમના વિચાર અને આચારને અનુકરણીય માની સન્માનવાં જોઈએ.

## સુવિચાર

- પાવરફુલ હોવાનો અર્થ એ નથી કે તમે ધારો તે કરી શકો. પાવરફુલ હોવાનો મતલબ એ છે કે બીજાઓ તમારી સાથે ધારે તે ન કરી શકે - **ચંદ્રકાન્ત બક્ષી**
- એમ વિચારીને નારાજ ન થતાં કે કામ મારું અને નામ બીજાનું, કારણ કે સદીઓથી ઘી અને વાટ બળે છે છતાં લોકો એવું જ કહે કે 'દીવો બળે છે.' - **અમૃતબિંદુ**
- ધારી લઈએ એના કરતાં પૂછી લઈ તો સંબંધ વધારે ટકે... - **સુરેશ દલાલ**
- તકદીર સાથે લડવામાં મજા આવે છે મિત્રો, એ મને જીતવા નથી દેતી અને હાર હું સ્વીકારું નહિં - **નૂર પોરબંદરી**
- પડછાયાને અભિમાન હતું તડકો રોકી રાખવાનું, પણ અંધારું થયું ને પોતે જ ખોવાઈ ગયો - **મુંબઈ સમાચાર**
- અવસર બરફ જેવો હોય છે, વિચારતા રહો ત્યાં સુધીમાં તો ઓગળી જાય - **જોસેફ ટેઈલર**
- આજનું ઔષધ : કાચા બટેટાના રસમાં મધ મેળવી પીવાથી લૂ થી બચાવ થાય છ

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

ધનવાન - સંપત્તિવાન - તો ઘણાં હોય પણ તે બધાં કઈ સન્માનીય થઈ જતા નથી - ઉદાર હાથે - વિશાળ હૃદયે - શુદ્ધ ભાવે જે દાન કરે છે તે જ સન્માન પાત્ર બને છે

એક કંજૂસ હતો. પોતાના માટે એક રૂપિયો વાપરતો નહોતો. પૈસા ખૂબ પણ વાપરવાની વાત નહીં. એકવાર ગામની ગૌશાળા માટે કથા થઈ. કથા સમાપન ના દિવસે સૌએ યથાશક્તિ ફાળો આપ્યો. અને સૌના આશ્ચર્ય વચ્ચે કંજૂસે પણ પાંચ હજાર રૂપિયા રોકડા કથાકારને આપ્યા. કથાકારે કંજૂસ ને આગળની હરોળમાં બેસવા કહ્યું.

કંજૂસે કહ્યું, 'આ તો મેં આપેલા પાંચ હજાર રૂપિયાનું સન્માન છે. મારું કયાં સન્માન છે?'

કથાકારે હ્યું 'ધનદોલત તો તમારી પાસે પહેલા પણ હતી જ પણ આજે તમે ગૌશાળા માટે જે ત્યાગ કર્યો છે તે ત્યાગનું આ સન્માન છે. બસ આમ જ ત્યાગ કર્યા કરશો તો સન્માન મળ્યા કરશે.'

સતકાર્યોમાં સંપત્તિનો સદુપયોગ કરવામાં આવે તો સાચું સન્માન પ્રાપ્ત થાય છે.

# મોબાઈલ શસ્ત્રથી જંગ જીતવાનો વ્યૂહ

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા વર્ષો દરમિયાન દેશમાં મોબાઈલ ક્રાંતિ આવી છે અને ઈન્ફર્મેશનનો વિસ્ફોટ સર્જાયો છે. મોબાઈલ કંપનીઓ પણ એકમેક સાથે ગળાકાપ હરિફાઈમાં ઊતરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી મોબાઈલ પર લડાશે એવી આગાહી કરી છે. તેઓ શરુથી જ ટેકનોલોજીસેવી રહ્યા છે અને ગત તમામ ચૂંટણીઓમાં એમને ટેકનોલોજીનો તેમ જ સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કર્યો છે. એમા અમને ધાર્યા કરતાં વિશેષ સફળતા પણ સાંપડી હોઈ મોબાઈલ - ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા ઉપર એમની શ્રદ્ધા વધી જાય તે સમજી શકાય એમ છે. સામાન્ય રીતે સાદગીભર્યું સંઘપ્રચારકનું જીવન અપનાનાર માણસને આવી અદ્યતન ટેકનોલોજીનું આકર્ષણ ન હોય. પરંતુ મોદીમાં કેટલીક પરસ્પર વિરોધીભાસી લાગે એવી ખૂબીઓ છે. એક તરફ એ ચૈત્રી નવરાત્રી અને શારદીય નવરાત્રના નકોરડા ઉપવાસ કરી જાણે છે. તેઓ યોગ અને પ્રાણાયામ કરે છે. એ મુદ્દે તેઓ આપણી પરંપરાગત રૂઢ ધાર્મિક પરંપરાના પોષક છે. બીજી તરફ તેઓ વિશ્વકક્ષાની અદ્યતન ટેકનોલોજીનો અને વિજ્ઞાનનો વિનિયોગ કરી આધુનિક દુનિયા સાથે આગલી હરોળમાં બેસવા મથે છે. આમ એમણે પરંપરા અને ટેકનોલોજીનો સુયોગ સાધી બેઉ પ્રકારના મતદાર સમુદાયોને રાજી રાખનારી પ્રતિભા હસ્તગત કરી લીધી છે. સોશિયલ મીડિયાનો વિનિયોગ પણ તેઓ ભારતીય સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને પોષક બને એ રીતે કરે છે. દા.ત; ગાય, ગંગા કે સ્વચ્છતા ઝુંબેશના મુદ્દા ઉઠાવી એમણે ઋષિમુનિઓથી લઈ વિવેકાનંદ અને ગાંધીજી સુધીના રાષ્ટ્રપુરુષોને સાથે સાંકળી એમનો ધરાર ચૂંટણી જીતવામાં ઉપયોગ કરી લીધો છે. સરદાર પટેલ અને સુભાષબાબુથી લઈ ડૉ. બાબા સાહેબ આંબેડકરને કોંગ્રેસે કરેલા અન્યાયની દુહાઈ દઈ દઈ ભારતીય જનતા પાર્ટી જનસમુદાયને કોંગ્રેસથી વિમુખ કરવાં સફળ થઈ છે. સોશિયલ મીડિયા મારફત રામમંદિર સહિત હિંદુત્વનાં કટ્ટરપંથી નેતાઓ દ્વારા ઉઠાવાતા મુદ્દા પાર્ટી માટે હિંદુ મતોના ધ્રુવીકરણના કાર્યક્રમમાં પરિણતા રહ્યા છે. આગામી દિવસોમાં આપણા મોબાઈલ આવા અનેક સંદેશા, વીડિય કલીપો અને પ્રચારસૂત્રોથી ઊભરાઈ જવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાણે છે કે જેમ વિકાસના નામેનો પ્રચાર એમને 'વિકાસ પુરુષ' તરીકે પ્રસ્થાપિત કરવામાં કારગત નીવડ્યો છે અને આદિત્યનાથ યોગી જેવા કટ્ટર હિંદુત્વવાદી મુખ્યમંત્રીને પણ 'સબકા સાથ, સબ કા વિકાસ'નું મોદીસૂત્ર અપનાવવાની ફરજ પડી છે તેમ બીડી તરફ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને હિંદુ રાષ્ટ્રની ગળચટી સંકલ્પના એમને જાતિવાદી રાજકારણ સામે રાષ્ટ્રવાદી નેતા તરીકે પ્રસ્થાપિત કરવામાં સહાયક બનતી રહી ચે. આગામી દિવસોમાં ગુજરાતમાં પાર્ટીની સરકારના પુનરાગમન માટેનું પુરશ્ચરણ બની રહેશે. એની ભૂમિકા રચાઈ ચૂકી છે. ગોવધ વિરોધી કડક કાયદા પછી અને 'તીન તલાક' થી લઈ કાશ્મીરની ૩૭૦મી કલમ સુધીના મુદ્દાઓ પ્રજાને આકર્ષમવા માટે સક્ષમ છે. એ સાથે જ વિકાસના અતિશયોક્તિપૂર્ણ અને આભાસી આંકડાઓની માયાજાળ રજૂ કરવા માટે બ્યુરોક્સી બેઠી જ છે. આ બધું મતદાર સુધી મીડિયા કે અખબાર કરતાં એના મોબાઈલના હેન્ડસેટ મારફત પહોંચાડી શકાશે, તેની મોદીને ખાતરી છે.

# પ્રેમ લગ્ન કરનારને રક્ષણની જવાબદારી પોલીસની : ગુજરાત હાઈકોર્ટ




**પ્રેમ લગ્ન કરવાએ સામાજીક ગુન્હો કે અપરાધ નથી**

પ્રેમ લગ્ન કરનારના કેસમાં ધર્મ, જ્ઞાતિ એકજ હોય કે અલગ અલ હોય મોટા ભાગના કેસમાં યુવક યુવતીના સબંધોને સબંધીઓ દ્વારા વિરોધ જ કરાતો હોય છે જેમાં બન્નેને શામ, દામ દંડની નીતિ અપનાવી અલગ કરવામાં આવતા હોય છે.

હેબીયર્સ કોર્પસની અરજ લગત સુનવણી દરમ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે અવલોકન કરી તારણ આપતા જણાવ્યું કે પ્રેમ લગ્ન કરનાર યુવક યુવતી જો તેઓ એક જ ધર્મના હોય કે અલગ અલગ ધર્મના પરંતુ તેમનું રક્ષણ કરવાની જવાબદારી ગુજરાત સરકારશ્રીના પોલીસ ખાતાની છે. સગાવ્હાલા દ્વારા હિંસા આચરી કે બળજબરી કરી આવા લગ્ન કરનારને અલગ ના કરી શકાય જ્ઞાતી કે જ્ઞાતી બહારની વ્યક્તિ સાથે ભાગીને લગ્ન કરનારને કુટુંબ, સમાજનો વિરોધ સહન કરવો પડે છે અને બન્ને પક્ષોમાં ઈજત, આબરૂને મહત્વ આપી યુવક યુવતીની ભાવનાનો છેદ ઉડાવી દેવામાં આવે છે કાં તો કુટુંબ તરફથી સબંધ કાપી નાખવામાં આવે છે અને યુવતીને રામ ભરોસે છોડી દેવામાં આવે છે અગર તો બળજબરી કરી પ્રેમનું ગળુ દબાવી પ્રેમ લગ્ન ભંગ કરવામાં આવે છે.

મુસ્લીમ પિતાએ હેબીયર્સ કોર્પસની અરજી ગુજારી પોતાની દિકરીને પોલીવાળા શોધી આપે તેવી દાદ માંગતા નામદાર કોર્ટ પોલીસ અધિકારીને નોટીસ કાઢી જવાબ રજુ કરવા જણાવતા તથા યુવકે પોતાની દિકરીને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી છે તેમ જણાવતા નામદાર કોર્ટે યુવકને નોટીસ કાઢી હાજર કરવા હુકમ કરતા યુવક યુવતી નામદાર કોર્ટમાં હાજર થતા નામદાર કોર્ટે યુવતીને એકલી બેસાડી ચેમ્બરમાં વાતચીત કરતા મુસ્લીમ યુવતીએ જણાવેલ કે પોતાના પ્રેમ લગ્નથી કુટુંબીજનો રાજી કે સમંત ના થતા ના છૂટકે, ના ઈલાજે લગ્ન કરવા સ્વેચ્છાએ પોતાની મરજીથી યુવક સાથે નિકાહ પઢી ઘર સંસાર વસાવેલ છે.

સુનવણી દરમ્યાન યુવકના વકિલે મેરેજ સર્ટીફિકેટ તથા લગ્નના પુરાવાઓ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી યુવતીની સમંતી હોવાનું જણાવતા યુવતીને સલામત રીતે યુવક સાથે જવા માટે નામદાર કોર્ટ સમતી આપતા જણાવ્યું કે પ્રેમ લગ્ન કરનારની સલામતી જાળવવાનું કામ પોલીસનું છે. યુવતીએ પોતાના પિતા તથા અન્ય સગાવ્હાલાથી જોખમ હોવાનું જણાવેલ છે સ્વજનો કાયદો હાથમાં લઈ યુવક યુવતીને અલગ કરવાની શકયતાઓ આ કેસમાં રહેલી છે તેવી દહેશત યુવક યુવતીએ નામદાર કોર્ટમાં પણ રજુ કરી છે જ વાત વ્યાજબી લાગતી હોય યુવક કે યુવતીના સગાવ્હાલાએ કાયદો હાથમાં લઈ કોઈ સખ્ત પગલુ લઈ યુવતીને બળજબરી પૂર્વક માતા પિતા સાથે રાખી શકાય નહિ યુવતી વયસ્ક હોય તેનો નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે તે પોતાનું ભવિષ્ય કોની સાથે સારૂં છે તે સમજી શકે છે કાયદેસરના લગ્ન કરેલ હોય પતિ સાથે જવાદેવામાં કોઈ જ વાંધો લઈ શકાય નહિ તેમજ આવા વાંધા નામદાર કોર્ટ ગ્રાહ્ય રાખી શકે નહી લાગણીઓ હોય તે સ્વાભાવિક છે પરંતુ લાગણીથી પ્રેમનું કે લગ્નનું ગળુ ના દબાવી દેવાય ૧૮ વર્ષની યુવતી અને ૨૩ વર્ષના યુવક પોતાની રીતે પોતાના મનગમતા પાત્રો પસંદ કરી તેની સાથે લગ્ન કરવા હક્ક, અધિકાર છે. સગાવ્હાલા કાયદો હાથમાં લઈ આવા લગ્ન રદબાતલ કરી શકે નહિ તેમજ લગ્ન જીવન ભંગ કરી શકે નહિ. આવા લગ્નો કરતા યુવક યુવતીના રક્ષણની જવાબદારી રાજયની છે તેમને રક્ષણ આપવાની ફરજ અને જવાબદારી રાજયની રહે છે પિતાની હેબીયર્સ કોર્પસની અરજી નામદાર કોર્ટ રદબાતલ કરી પિતાને સખ્ત શબ્દોમાં ઠપકો આપી ભવિષ્યમાં યુવક કે યુવતીને કોઈપણ પ્રકારે હેરાન પરેશાન ના કરવા તથા કાયદો હાથમાં લઈ યુવતીને બળજબરીથી પરાણે પોતાના ત્યાં લાવી ધાર્યું કરી કરવા માટે મનાઈ ફરમાવી છે.

સુનવણી દરમ્યાન યુવતી વયસ્ક હોવાના પુરતા પુરાવા નામદાર કોર્ટે ચકાસ્યા હતા અને યુવતી સગીર હોવાની પિતાની અરજી ફગાવી ખોટી રજુઆત કરવા સામે કડકાઈ દાખવી હતી અને ભવિષ્યમાં આ પ્રકારના જુઠાણા સાચા સાબીત કરવાનો પ્રયત્ન ના કરવા જણાવેલ અને યુવક યુવતીને રાજયમાં ગમે ત્યાં વસવાટ કરે અને પોતાનું લગ્ન જીવન જીવે તેમાં કોઈપણ જાતની અડચણ અવરોધ ઉભા ના કરવા જણાવી સાથે સાથે રાજય સરકારને આદેશ કરી આ યુગલની સુરક્ષા જાળવવા યોગ્ય વ્યવસ્થા કરવા જણાવેલ.

નામદાર કોર્ટે જણાવેલ કે દરેક વ્યક્તિના જીવન અને સ્વતંત્રતાની સલામતીની

અનુસંધાન પાના નં. ૭ પર

# પરોઢે તમારા હૃદયને પાંખો ફૂટે ત્યારે જાગીને પ્રેમનો એક વધુ દિન પ્રાપ્ત થવા માટે પ્રભુનો અહેસાન માનો




**ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘેર જજો,**
**જે રિસાય તેને રીઝવજો;**
**ને બધું તેમના ભલાને સારું નહિ,**
**પણ તમારા ભલાને સારું કરજો!**
**જગત લેણદાર છે,**
**આપણે તેના કરજદાર છીએ.**

**- મો.ક. ગાંધી**

આજકાલ સાવ નાની અમથી વાતમાં પણ રિસાઈ જવું ફેસબુક અને વોટ્સએપ પર પછી બ્લોક કરી દેવું અને ધીરે-ધીરે ભૂલી જવું એ સાવ સામાન્ય વાત બની ગઈ છે. એક પછી એક કેટકેટલી ગાંઠો અને આ ગાંઠોના સ્વરુપમાં દ્વેષ નિરંતર વધ્યા જ કરે છે. કોઈ પણ સંબંધમાં ગૂંચવણ ઓછી હોય તો ગાંઠ સાવ સરળતાથી ખોલી શકાય છે પણ ગાંઠ જો પાકી થતી જાય તો વધુ ગૂંચવાઈ જાય છે. આપણા કરતાં જુદો અભિપ્રાય ધરાવતી વ્યક્તિ ખોટી છે એમ સાબિત ન થાય. માત્ર અલગ અલગ અભિપ્રાય ધરાવવા માત્રથી જ કોઈના વિરોધી બની જવું એ વ્યાજબી ન જ ગણાય. ખરેખર તો અન્યના મતને પણ સ્વસ્થતાપૂર્વક સાંભળવો અને સમજવો એ જ ખરી સમજણ કહેવાય. વ્યક્તિ દરજ્જો, પદ, પ્રતિષ્ઠા અને સંપત્તિ કમાતો જાય તેમ તેમ તેના વાણી અને વર્તનમાં પરિવર્તન આવતું જાય છે. દરેક પ્રત્યે સમાન સૌજન્ય દાખવી શકવાની ક્ષમતા ધરાવતી વ્યક્તિ પોતાની જાતને વિશેષ માનીને જાણે-અજાણ્યે અન્યને ન ગમે તે પ્રકારે વર્તવા લાગે છે. અને ત્યારથી જ સંબંધમાં અંતર વધવાની શરુઆત થવા લાગે છે. દરેક વ્યક્તિ પોતાની દષ્ટિએ સંપૂર્ણ અને સાચો જ હોવાનો પણ પ્રશ્ન ઉદ્ભવે અન્યને સમજવાની તેની તૈયારી અંગેનો. એ સમજણ કેળવાઈ જાય તો કયારેય કોઈ સંબંધમાં તિરાડ ન પડી શકે. નક્ષત્રસિંહની આ કવિતા જીવનને કેટલું સુંદર રીતે વર્ણવે છે.

I Lest my house early,
To collect a rose or two.
And Whatever life could offer.
I was so full fo hope,
And my bag ready to be filled
First step out and come the run,
Glorious, full of light, rising
No life, yet so full of life.
few Steps forward and the kids,
Screaming, joyous and merry
Every face glowing, radiant,
Little suns in their mornings.
I Walked on, my bag fragrant
In the garden, on a lone bench,
A couple, huddled hand in hand,
Aha, the massengers of life,
Before long they would create,
A new messenger, and so on,
The sun was hot and vigorous,
As if in prime of youth.
If was evening at last,
In the porch sat may parents,
Watching the evening in their eve,
O beloved son, tired you look,
Have something to eat and rest,
The sun was calm and mind,
Slowly sinking in the wast,
As if retining to rest,
A small day, morning to the eve,
But the bag was very much full,
Different colours, roses all roses,
Musing on my rocking chair,
I took a deep breath and smiled,
Yes, o dearly beloved life,
I agree, divine are your ways....

જીવનના દરેક તબક્કે આપણે એક નવા સંબંધને પામતા હોઈએ છીએ. નવા સંબંધ સાથે જૂનો સંબંધ કયારેક ઢંકાઈ જાય તો કયારેક વળી વધુ સુદઢ પણ બને. પણ દરેક સંબંધમાં 'પ્રેમ', 'હૂંફ' અને 'લાગણી' એ અતિ મહત્ત્વની બાબતો છે. પ્રેમ એ આકરા સીધા ચઢાણ જેવો કઠિન પંથ છે. પ્રેમમાં એટલી તાકાત છે કે વ્યક્તિને ઊંચામાં ઊંચી ઉડાન સુધી પહોંચાડી શકે પણ સાથોસાથ એક છાની કટાર પણ તેની સાથે સતત વીંધતી જ રહે છે. પ્રેમનું મધમીઠું સંગીત તમને ઓતપ્રોત કરી નાખે પણ સાથોસાથ કયારેક તમને એવો અહેસાસ પણ કરાવે કે તમને લાગે જાણે બધા સપનાંઓ ચકનાચૂર થઈ ગયા છે. પ્રેમ એ તમને 'રાણી' કે 'રાજા' બનાવવાનો અહેસાસ કરાવે પણ કયારેક એ જ તાજ કાંટાળો બની કસોટી બની જાય છે. પણ એ તમામ કસોટીમાં જો તમે પાર ઉતરી શકો તો તમે સાચા પ્રેમને હૃદયથી જાણી શકો છો અને તેના રહસ્યને પામી શકો છો. જો તમે, અધવચ્ચે ડરીને પ્રેમનો આ માર્ગ છોડી દેશો તો તમે શાંતિપૂર્વક પોતાના રોજિંદા કાર્યો ચોક્કસ કરવાના પણ પ્રેમના અમૃતરસથી આજીવન વંચિત જ રહી જશો. પ્રેમ એ પોતાનામાં જ એટલો પર્યાપ્ત છે કે અન્ય કશાનીયે જરૂર રહેતી જ નથી. પ્રેમ અને સંબંધમાં આવતી પીડાઓ માટે આપણે સૌએ તૈયાર રહેવાનું હોય છે, સમજણપૂર્વક એ જખ્મો સહેવાના પણ હોય છે; પણ જયારે શાંતચિત્તે વિચારીએ ત્યારે જીવનના સાચા અર્થને અને જીવનના મહત્ત્વને પ્રમ અને સંબંધોરૂપી વૃક્ષ રોપીને જ પામી શકાશે એ વાત સમજાશે.

Last Seen :

'પરોઢે તમારા હૃદયને પાંખો ફૂટે ત્યારે જાગીને પ્રેમનો એક વધુ દિન પ્રાપ્ત થવા માટે પ્રભુનો અહેસાન માનો. પ્રેમના પરમ આનંદની એ દિવ્ય સ્થિતિ પર ધ્યાનસ્થ થઈ જાઓ અને તમારા પ્રેમીના કલ્યાણ માટે પ્રાર્થના કરતાં કરતાં એની પ્રશંસાના ગીત ગણગણતા રહો.'

**- ખલિલ જિબ્રાન**

- nehalgadhavi101@gmail.com

# ચાગલાનું ભાજપી સ્વપ્ન અને વર્તમાનની વાસ્તવિકતા




૬ એપ્રિલ, ૧૯૮૦ના રોજ સ્થપાયેલી ભારતીય જનતા પક્ષ(ભાજપ) જોતજોતામાં ૩૭નો થયો. સત્તા આગળ શાણપણ નકામું છે, એ વાત છેક ૧૯૫૧ના ઑક્ટોબરથી ચણા-મમરા ખાઈને પક્ષનું કામ કરનારા કાર્યકરોને સંઘ-જનસંઘના નવા અવતાર એવા ભારતીય જનતા પક્ષમાં સમજાઈ ચૂક્યું છે. સિદ્ધાંતોની વાતો અને આદર્શોનું આચરણ વિપક્ષે બેસવામાં જ સારું લાગે. બદલાયેલા યુગમાં ભાજપને લાગવા માંડ્યું છે કે સત્તાપ્રાપ્તિ એ જ માત્ર લક્ષ્ય હોવું ઘટે. ગાંધીજીની જેમ સાધનશુદ્ધિનો દુરાગ્રહ પણ હવે રહ્યો નથી કે સવારે બાહુબલિ ડી. પી. યાદવને પક્ષપ્રવેશ પછી સાંજ ઢળતાં પહેલાં એમને તગેડવા પડે. એ અટલ બિહારી વાજપેયીના ભાજપનો યુગ હતો, આજે નરેન્દ્ર મોદીના ભાજપનો યુગ છે. લાલકૃષ્ણ અડવાણીએ ક્યારેક ભવિષ્ય ભાખ્યું હતું કે ભાજપનું કૉંગ્રેસીકરણ થઈ રહ્યું છે. આજે સત્તાપ્રાપ્તિ માટે કૉંગ્રેસીજનો જ શું, કૉમ્યુનિસ્ટો પણ ભગવી પાર્ટી ભણી આગેકૂચ કરે તો એમને સત્તા મેળવવામાં કામે લગાડીને પ્રધાનપદાંના સરપાવ આપવામાં જરાય સંકોચ કરવો નહીં. કારણ? સત્તાવિહોણાઓએ માત્ર મંજીરા વગાડવા પડે. એવું જ કરવું હતું તો રાજકીય પક્ષમાં જોડાવાની જરૂર જ ક્યાં હતી ?

- ઇન્દિરાની ડિકટેટર બનવાની ઝંખનાને પડકારવાની ક્ષમતા મોહમ્મદઅલી ભાજપમાં નિહાળતા હતા
- હાર-જીતને પચાવતા જનસંઘ-ભાજપના કાર્યકરોએ કરોળિયાને આદર્શ માનીને મંડ્યા રહેવામાં શ્રેય લેખ્યું
- બિહાર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, કેરળ કે પંજાબમાં પરાજય, પણ એકંદરે આગેકૂચ ચાલુ જ રહી
- ડાબેરી નેતાઓમાં રાષ્ટ્રવાદ- હિન્દુવાદની ચેતનાના સંચારથી હજુ વણતૂટેલા ગઢના કાંગરા ખેરવવાના છે
- ઇન્દિરા ગાંધીની દાયકાઓ સુધી આરતી ઉતારનારાઓએ સત્તાકાજે ભગવી પાર્ટી ભણી રીતસર દોટ મૂકી છે

૯૨ વર્ષના નારાયણ દત્ત તિવારી સાથે ભાજપના અધ્યક્ષ અમિત શાહનું ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની વિધાનસભા ચૂંટણી પહેલાંનું સંવનન ફળ્યું, તો હવે ૮૪ વર્ષના એસ. એમ. કૃષ્ણાએ કર્ણાટકમાં સૅક્યુલર સેના સાથે છેડો ફાડીને ભગવી સેનાનો પંથ કબૂલ્યો છે. કેરળમાં માર્કસવાદી નેતા ગૌરી અમ્મા જીવનના નવ દાયકા પછી પણ ભાજપના ખભે ચડ્યાં. તમિળનાડુમાં કૉંગ્રેસના ચાણક્ય કે. કામરાજની જન્મજયંતી ઉજવવા ભાજપી સેના અગ્રક્રમે રહ્યા છતાં ઝાઝી બરકત ભલે ના મળી હોય, ''પાર્ટી વિથ અ ડિફરન્સ''ના મિથને તોડવામાં મળેલી સફળતાએ મોદી-શાહની પાર્ટી ભણીનો ધસારો જરૂર વધાર્યો છે. હજુ ઘણા ડાબેરી નેતાઓમાં રાષ્ટ્રવાદ અને હિન્દુવાદની ચેતનાનો સંચાર કરીને પશ્ચિમ બંગાળ કે ત્રિપુરા કે પછી કેરળના વણતૂટેલા ગઢના કાંગરા ખેરવવાના છે.

ભાજપની માતૃસંસ્થા કૉંગ્રેસ જ રહ્યા છતાં પંડિત જવાહરલાલ નેહરુ થકી સંઘ-જનસંઘ ભણી જે ઘૃણા અને અવગણનાનો ભાવ દાયકાઓ સુધી દર્શાવાતો રહ્યો, એમના પછીના એમના વંશજોએ પણ શાસક તરીકે એ જ ભાવ જાળવ્યો એટલે ભાજપ અને સંઘની વર્તમાન નેતાગીરીમાં ઈંટનો જવાબ પથ્થરથી વાળવાની બદલાની ભાવના જોવા મળે એ સ્વાભાવિક છે. ૧૯૨૫માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ની સ્થાપના કરનાર ડૉ. કેશવ બલિરામ હેડગેવાર છેક ૧૯૩૭ સુધી કૉંગ્રેસ સાથે રહ્યા. એમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં વ્યક્તિગત રીતે ભાગ લઈને બે વાર જેલવાસ ભોગવ્યો, પણ સંઘને એ ચળવળમાં સહભાગી બનાવવાને બદલે દૂર રાખવાનું પસંદ કર્યું. વ્યક્તિગત રીતે સંઘ-સ્વયંસેવકો સ્વાતંત્ર્યસંગ્રામ સાથે જોડાયા અને એની મોકળાશ પણ ડૉક્ટરજીએ આપી હતી. ૧૯૪૦માં એમના નિધન બાદ દ્વિતીય સરસંઘચાલક તરીકેની જવાબદારી સ્વીકારનાર માધવ સદાશિવ ગોળવળકરે (ગુરુજીએ) ગાંધીજીની હત્યાના પ્રકરણમાં ખૂબ બદનામ થવું પડ્યું અને જેલવાસ પણ ભોગવવો પડ્યો. કૉંગ્રેસ ભણીની ઘૃણા વધુ બળવત્તર બની. પંડિત નેહરુ પછી વડા પ્રધાન બનેલા લાલ બહાદુર શાસ્ત્રીએ સંઘના સ્વયંસેવકો ભણી સાનુકૂળ વર્તન દાખવ્યું, પણ તાશ્કંદમાં એમના અણધાર્યા મૃત્યુ પછી નેહરુ-પુત્રી ઈન્દિરા ગાંધી વડાં પ્રધાન બનતાં ફરીને સંઘના સ્વયંસેવકોની કનડગત અને જેલવાસની પરંપરા શરૂ થઈ. તૃતીય સરસંઘચાલક બાળા સાહેબ દેવરસે આચાર્ય વિનોબાના માધ્યમથી વડાં પ્રધાન સાથે સમાધાનના પ્રયાસો આદર્યા છતાં સ્થિતિ ભાંગેલા મોતીને રેણ કરવા જેવી જ રહી.

કૉંગ્રેસવિરોધી સંયુક્ત મોરચામાં સંઘ-જનસંઘ અને પછીથી ભાજપે સારું કાઠું કાઢ્યું. અંગત રીતે ઈન્દિરાજી સાથે સુમેળભર્યા સંબંધો ધરાવતા સંઘના 'અધિકારીઓ' શ્રીમતી ગાંધીના રાજકારણમાં 'વ્હીપિંગ બોઈઝ' બની રહ્યા. જોકે નેવુંના દાયકામાં ભાજપની રથયાત્રાઓના પ્રતાપે, જનસહાનુભૂતિના પરિપાકરૂપ, એ પ્રભાવ પાથરી શકવાની સ્થિતિએ પહોંચીને અટલ બિહારી વાજપેયીને ૨૪ પક્ષોના મોરચાના વડા પ્રધાન બનાવવા સુધીના શુભ સમય સુધી પહોંચાડી શક્યો. અહીંથી મોદીબ્રાન્ડ રાજનીતિએ ભાજપને લોકસભાની મે ૨૦૧૪ની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી અપાવીને મિત્રો સાથે સરકાર રચવાની મોકળાશ કરી આપી.

૨૯ ડિસેમ્બર ૧૯૮૦ના રોજ ભાજપના પ્રથમ અધિવેશનમાં જસ્ટિસ મોહમ્મદ કરીમ ચાગલા 'ભાજપ જ એકમાત્ર વિકલ્પ' નિહાળતાં સંબોધન કરી રહ્યા હતા ત્યારે એ અધિવેશનમાં સંવાદદાતા તરીકે આ લખનાર પણ ઉપસ્થિત હતો. 'આઈ સી બિફોર મી ઈઝ બૉમ્બેઝ ઍન્સર ટુ ઈન્દિરા' કહેતા ચાગલા ઈન્દિરા ગાંધીની તાનાશાહી પ્રવૃત્તિ અને ડિક્ટેટર બનવાની ઝંખનાને પડકારવાની ક્ષમતા ભાજપમાં નિહાળતા હતા. રાજકારણ ખૂબ ઝડપથી બદલાય છે. વડા પ્રધાન શ્રીમતી ગાંધીની ૧૯૮૪માં હત્યા થઈ. એમના પુત્ર રાજીવ ગાંધીએ વડા પ્રધાન પદ સંભાળ્યા પછી ચૂંટણી લડી

અનુસંધાન પાના નં. ૭ પર